# વિદ્યા સાધના / સરસ્વતી સાધના યોજના

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કન્યાઓના શાળા છોડી જવાના પ્રમાણને ઘટાડવા માટે પોતાના ઘરેથી અન્ય ગામમાં શિક્ષણ મેળવવા અવર-જવર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા આ યોજના અમલી બનાવવામાં આવેલ છે.

- વિદ્યા સાધના યોજના અંતર્ગત શહેરી વિસ્તારમાં ૩ કિ.મીના અથવા તેથી વધુ અંતરે અને ગ્રામ્ય વિસ્તારમાં ૨.૫ કિ.મી.ના અથવા તેથી વધુ અંતરે શાળાએ જવા હેતુ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની દીકરીને સાયકલ ખરીદવા માટે રૂ.૨૦૦૦ની સાધન સહાય આપવામાં આવે છે.
- સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ ૮માં ભણતી અને પોતાના રહેઠાણથી શાળાએ અવર-જવર કરતી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની કન્યાઓને સાયકલ ખરીદવા માટે રૂ.૨૦૦૦ની સહાય આપવામાં આવે છે.

**વિદ્યા સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ માટે રૂ.૪૭૫.૨૦ લાખની જોગવાઈ છે.**

**વર્ષ ૨૦૦૮-૦૯માં કુલ ૩૬૧૬૦ વિદ્યાર્થીનીઓને લાભ આપવામાં આવ્યો.**

**સંપર્ક : જિલ્લા તકેદારી અધિકારી/ જિલ્લા પછાત વર્ગ અધિકારી/ સમાજ કલ્યાણ અધિકારી-અનુસૂચિત જાતિ, જનજાતિ (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર)**